# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર




### વાસદ પાસે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં સિમેન્ટના બ્લોક સાથે ગડર પડતાં 3ના મોત, એક ઘાયલ : મેનેજરને કલેક્ટરનું તેડુ

# બુલેટ ટ્રેનના કામમાં બેદરકારી બદલ શો-કોઝ નોટીસ

**પીલર પર ગોઠવેલા** કદાવર સિમેન્ટના ચોસલા નીચે ત્રણ કામદાર અને એક સ્થાનિક યુવક દબાયો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદના વાસદ પાસે આવેલા રયજીપુરામાં બુલેટ ટ્રેન પ્રોજેકટની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન પીલર પર ગોઠવેલા કદાવર સિમેન્ટના ચોસલા પત્તાના મહેલની જેમ ધરાશાયી થયાં હતાં. જેના કારણે ગડર સહિતનો કાટમાળ ધડાકાભેર તુટી પડતાં 4 યુવક દબાઈ ગયાં હતાં. જેમાં 3નું મોત નિપજ્યું હતું. જ્યારે એકને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાની ગંભીરતાના પગલે કલેક્ટર દ્વારા ચીફ પ્રોજેક્ટ મેનેજરને તાત્કાલિક નોટીસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે.

વાસદ નજીકના રયજીપુરા ખાતે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત મહી યુનિટના વેલ ફાઉન્ડેશન પી-13માં કામ ચાલી રહ્યું હતું. આ કામગીરી દરમિયાન મંગળવારની નમતી બપોરે અચાનક વેલ ફાઉન્ડેશન પર રાખેલા સિમેન્ટના વજનદાર બ્લોક ધસી પડ્યાં હતાં. જેના કારણે લોખંડની ગડર પર જમીન દોસ્ત થઇ હતી. આ અકસ્માતમાં સિમેન્ટના તોતિંગ બ્લોક સહિત કાટમાળ પત્તાના મહેલની જેમ ધડાકાભેર તુટી પડી હતી. જેના કારણે કુલ ચાર વ્યક્તિ દબાઇ ગયાં હતાં. આ ઘટના અંગે તાત્કાલિક પોલીસને જાણ કરતાં જિલ્લા પોલીસ વડા ગૌરવ જસાણી સહિતની ટીમ સ્થળ પર પહોંચી હતી. આ ઉપરાંત વહીવટીતંત્રને જાણ કરતાં મામલતદાર, ફાયરબ્રિગેડ પણ સ્થળ પર પહોંચ્યાં હતાં અને બચાવ કામગીરી હાથ ધરી હતી. આ અંગે મોડી રાત સુધી ચાલેલી કામગીરીમાં 4 વ્યક્તિને બહાર કાઢવામાં આવ્યાં હતાં. જેમાં 3ના મોત નિપજ્યાં હતાં. જ્યારે કમલેશ માનસીંગભાઇ ગામેચી (ઉ.વ.36)ને ગંભીર ઇજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.



તસવીર: ફ્રાન્સીસ મેકવાન

આણંદ કલેક્ટર દ્વારા આ ઘટનાની ગંભીરતાથી નોંધ લેવામાં આવી હતી. જે સંદર્ભે ચીફ પ્રોજેક્ટ મેનેજરને બેદરકારી બદલ તાત્કાલિક નોટીસ ફટકારી બે દિવસમાં ઘટના અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. જો ખુલાસો નહીં કરવામાં આવે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવાની પણ તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## ડિઝાસ્ટરના કાયદા અંતર્ગત પગલાં ભરવા કે કેમ ? તે અંગે ખુલાસો પુછાયો

આણંદ કલેક્ટરે બુલેટ ટ્રેનની કામગીરીમાં બેદરકારી બદલ પ્રોજેક્ટ મેનેજરને કારણદર્શક નોટીસ ફટકારી છે. આ નોટીસમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, વાસદ નજીક બનેલી ઘટનામાં સલામતીના પગલાં અને સાવચેતીમાં ગંભીર ભુલો થઇ છે. આ પ્રોજેક્ટમાં કામદાર સુરક્ષા માટે સલામતીના ધોરણો અને માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવ્યું નથી. આથી, સાવચેતી અને સલામતીના પગલા બાબતે ગંભીર નિષ્ક્રિયતા તથા બેદરકારી દાખવવામાં આવી છે. જેથી ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-2003 અને આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ 2005 મુજબ કાયદેસરની કાર્યવાહી કેમ ન કરવી ? તે બાબતે દિવસ-2માં ખુલાસો માંગવામાં આવ્યો છે.

## અકસ્માતમાં જીવ ગુમાવનારા યુવકો

અશોક ઉર્ફે કનુ ડાહ્યાભાઇ સોલંકી (ઉ.વ.30, રહે. રાજુપુરા, આણંદ)

રણજીતસિંહ અવધસિંહ (ઉ.વ.40, રહે. મુઝરપુર, બિહાર)

પ્રહલાદ હિમતભાઇ બારીયા (ઉ.વ.27, રહે. ગોધરા)

## પીલરની મજબુતાઇ માપવા બ્લોક મુકાયાં હતાં

આણંદના રયજીપુરા નજીક બુલેટ ટ્રેન માટે પીલર બનાવવામાં આવી રહ્યાં છે. અહીં જમીન થોડી પોચી હોવાના કારણે પીલર જમીનમાં ઘસે છે કે કેમ ? તેની ચકાસણી અર્થે તેના પર મસમોટા તોતિંગ સિમેન્ટના બ્લોક મુકવામાં આવ્યાં હતાં. જેની નજીક લોખંડી ગડર પણ હતી. જોકે, કોઇ કારણસર સિમેન્ટના બ્લોક તેની જગ્યાએથી ખસીને જમીન પર પડ્યાં હતાં. આ સાથે ઉપર કામ કરી રહેલા બે કામદાર, નીચે ઉભેલા કામદાર અને સ્થાનિક યુવક મળી ચાર તેની નીચે દબાઇ ગયાં હતાં. આ સમયે નજીકમાં લોખંડના ગડર પર ઝપેટમાં આવતાં તે પણ જમીનદોસ્ત થયાં હતાં.

---

# આણંદ પાસે ટ્રેનમાંથી ₹ 1.72 લાખના દાગીના-રોકડ ચોરાયાં

**અમદાવાદના મહિલા** મુસાફરી દરમિયાન સુઇ ગયાં હતાં, તે સમયે તસ્કરે હાથ સાફ કર્યો

## રેલવે પોલીસના પેટ્રોલીંગ પર શંકા

અમદાવાદ - મુંબઇ વચ્ચે દોડતી ટ્રેનમાં મુસાફરોના મોબાઇલ, પર્સ સહિત કિંમતી વસ્તુની ચોરી થવાની ઘટના વધી રહી છે. આ અંગે રેલવે પોલીસ દ્વારા પેટ્રોલીંગ સહિતના દાવા કરવામાં આવે છે. પરંતુ તે પોકળ સાબિત થઇ રહ્યાં છે.

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદ પાસેથી પસાર થતાં ટ્રેનમાં સવાર મહિલા મુસાફર સુઇ ગયાં હતાં, તે દરમિયાન કોઇ અજાણ્યો શખ્સ પર્સમાંથી દાગીના તથા રોકડ મળી કુલ રૂ.1.72 લાખની મત્તા ચોરી કરી ગયો હતો. આ અંગે આ અંગે રેલવે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતા રથનીદેવી મહાવીરકુમાર જૈન 17મી ઓક્ટોબર,2024ના રોજ રાત્રિના બેંગ્લોર સીટી જંકશનથી અમદાવાદ જવા તેમના પુત્રવધુ, દિકરી સાથે મૈસુર - અજમેર એક્સપ્રેસ ટ્રેનમાં નિકળ્યાં હતાં. રથનીદેવીએ સામાન સીટ નીચે ગોઠવી લેડીઝ પર્સ પોતાની પાસે રાખ્યુ હતું. તેઓ મુસાફરી દરમિયાન ટ્રેનમાં સુઇ ગયાં હતાં અને 19મી ઓક્ટોબરના રોજ વડોદરા પહોંચ્યાં હતાં. જ્યાં મુસાફરોનો અવાજ આવતાં રથનીદેવી જાગી ગયાં હતાં. આ સમયે તેઓએ તેમનું પર્સ તપાસતાં ચેઈન ખુલ્લી હતી અને વજન ઓછુ જણાયું હતું. આથી, તપાસ કરતાં તેમાં રહેલા દાગીના, રોકડ રૂ.પાંચ હજાર મળી કુલ રૂ.1.72 લાખની મત્તા ચોરી થઇ ગયાં હતાં. આમ, અજાણ્યા શખ્સે ઉંઘની તકનો લાભ લઇ ચોરી કરી હતી. આ અંગે આણંદ રેલવે સ્ટેશન ખાતે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અલબત્ત, આ ચોરી પાછળ કોચના એટેન્ડન્ટ પર શંકા વ્યક્ત કરવામાં આવી છે.

# નડિયાદના બંધ મકાનમાં 1.64 લાખની મતા ચોરાઇ

**વિરસદ વતનમાં** પરિવાર ગયો તે સમયે તસ્કરો ત્રાટક્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

નડિયાદના ડભાણ રોડ પર આવેલા યોગીનગરમાં બંધ મકાનનું તાળું તોડી તસ્કરો બેડરૂમમાં આવેલી તિજોરી તોડી સોના ચાંદીના દાગીના કિંમત રૂ.1.64 લાખની મતા ચોરી ગયા હતા. આ બનાવ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદના ડભાણ રોડ ઉપર આવેલી યોગીનગર સોસાયટીમાં રહેતા પ્રદીપ નવનીતભાઈ પરમાર મંજુસર જીઆઇડીસીમાં નોકરી કરી પરિવારનું જીવન નિર્વાહ કરે છે. તેઓ 3જી નવેમ્બરના રોજ મકાનને તાળું મારી પોતાના વતન વિરસદ ગામમાં રહેતા માતા પિતાને મળવા ગયા હતા. આ દરમિયાન બંધ મકાનની લોખંડની જાળીનું તાળું તોડી દરવાજાનો નો નકુચો તોડી તસ્કરો અંદર પ્રવેશ્યા હતા. આ તસ્કરો ઉપરના મારે બેડરૂમમાં આવેલ તિજોરીનું લોકર તોડી અંદર મુકેલ સોનાના દાગીના સાડા ત્રણ તોલાના કિંમત રૂ.1,48,320 તેમજ ચાંદીના દાગીના 400 ગ્રામ કિંમત રૂ.16 હજારના મળી કુલ રૂ.1,64,320ની મતા ચોરી ગયા હતા. આ બનાવ અંગે પ્રદીપ નવનીતભાઈ પરમારની ફરિયાદ આધારે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# પેટલાદમાં બે ભાઈ સહિત 3 શખ્સે જમીન પચાવી પાડી

**ખેડૂતની વડીલોપાર્જીત** જમીન પર 40 વર્ષથી કબજો જમાવી રાખ્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.6

પેટલાદના રૂપિયાપુરામાં બે ભાઈ સહિત ત્રણ શખ્સે ખેડૂતની વડીલો પાર્જીત જમીન પચાવી પાડી હતી. આ અંગે ખેડૂતે અનેક વખત કહેવા છતાં જમીન ખાલી કરી નહતી. આખરે આ અંગે કલેક્ટરમાં ફરિયાદ કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

પેટલાદ તાલુકાના રૂપિયાપુરા ગામમાં રહેતાં પ્રભુભાઈ પુંજાભાઈ ઠાકોર (ઉ.વ.86)ની વડીલોપાર્જીત જમીન ગામમાં આવેલી છે. આ જમીનના 7/12માં કબજેદારમાં તેમનું તથા બહેનના વારસદારોનું નામ છે. અલબત્ત, જમીન પર રમેશ ચીમન ઠાકોર, બીપીન ચીમન ઠાકોર (રહે. રૂપિયાપુરા, તા.પેટલાદ) અને રમેશ ઈશ્વર ઠાકોર (રહે. વ્હેરા)એ કબજો જમાવ્યો છે. આ જમીન 40 વર્ષ અગાઉ ચીમનભાઈ ઠાકોરને રૂ.35 હજારમાં ગીરો પેટે કોઈ પણ જાતના લખાણ વગર આપી હતી. જેથી આ જમીન ખેડતાં હતાં. હાલમાં તેમના દિકરાઓ રમેશ, બીપીન જમીન ખેડતાં હતાં. તેઓએ વર્ષ 2002માં જમીન રમેશ ઈશ્વર ઠાકોર (રહે. વ્હેરા)ને ગીરો કરારથી આપી હતી. જેથી હાલ રમેશ જમીન ખેડી રહ્યો છે. આ જમીનના બદલામાં લીધેલા રૂ.35 હજારમાંથી અમુક રકમ પરત પણ કરી દીધી છે. બાકી રહેતા રૂપિયા પ્રભુભાઈનો પુત્ર રણજીત ઉર્ફે મિથુન પરત આપવા જતાં તે લીધાં નહતાં. આ ઉપરાંત જમીન વેચાતી લીધી છે, તેમ જણાવી જમીન પરત આપવાની ના પાડી હતી. આમ, કોઈ હક્ક ન હોવા છતાં ગેરકાયદેસર કબજો કરી ખેડતાં હતાં. આ બાબતે કલેક્ટરમાં ફરિયાદ કરતાં મામલો લેન્ડ ગ્રેબીંગમાં લેવાયો હતો. જ્યાં જરૂરી સુનાવણી બાદ મામલો પ્રભુભાઈ ઠાકોરના પક્ષમાં આવ્યો હતો. જેમાં કલેક્ટરના આદેશના પગલે પેટલાદ ગ્રામ્ય પોલીસે રમેશ ચીમન ઠાકોર, બીપીન ચીમન ઠાકોર અને રમેશ ઈશ્વર ઠાકોર સામે ગુનો નોંધ્યો છે.

---

# બોરસદમાં રીક્ષા મુસાફરના રોકડા 10 હજાર ચોરાયાં

**બસ સ્ટેન્ડ સામે** આવેલા રોડ પર મુસાફર તરીકે બેસાડી ખીસ્સુ કાપી નાંખ્યું

(પ્રતિનિધિ) બોરસદ તા.6

બોરસદના બસ સ્ટેન્ડ સામે આવેલા રોડ પર વૃદ્ધને મુસાફર તરીકે બેસાડી તેના ખિસ્સામાંથી રૂ.10 હજારની ચોરી થયાનો બનાવ બન્યો હતો.

ભરૂચના ટંકારીયા ગામમાં રહેતા યુસુફભાઈ મુસાભાઈ પટેલ 3જી નવેમ્બરના રોજ દાંતરડાના હાથા લેવા માટે બોરસદ આવ્યાં હતાં. તેઓ વેપારીને મળ્યાં હતાં. પરંતુ દાંતરડા મળ્યાં નહતાં. આથી, પરત જવા બસ સ્ટેન્ડ આવ્યાં હતાં. પરંતુ તે સમયે ભરૂચની બસ ન હોવાનું જાણવા મળ્યું હતું. આથી, યુસુફભાઈ બસ સ્ટેન્ડની બહાર આવતાં એક રીક્ષા ચાલક મળ્યો હતો. તેણે સુરત જઇ રહ્યો છુ. ભરૂચ ઉતારી દઇશ. તેમ કહી યુસુફભાઈને રીક્ષામાં બેસાડ્યાં હતાં.

આ રીક્ષામાં ચાલકે યુસુફભાઈને પોતાની બાજુમાં બેસાડ્યાં હતાં. તેઓ ભાદરણ તરફના રોડ પર પસાર થતાં હતાં, તે સમયે ત્રણ રસ્તા પર રીક્ષા અચાનક ઉભી રાખી હતી અને યુસુફભાઈને ઉતારી દીધાં હતાં. આથી, યુસુફભાઈને શંકા જતાં તેમણે ખિસ્સામાં તપાસ કરતાં રોકડા રૂ.10,500 જોવા મળ્યાં નહતાં. આમ, અજાણ્યા રીક્ષા ચાલકે ખિસ્સામાંથી રોકડા રૂ.10,500 કાઢી લીધાં હતાં. આ અંગે બોરસદ શહેર પોલીસ મથકે ફરિયાદ આપી હતી.

# આણંદમાં જલારામ બાપાની 225મી જન્મજયંતિ માટે તડામાર તૈયારી શરૂ

**વિવિધ** સ્થળોએ શોભાયાત્રાઓનુ પણ આયોજન

(પ્રતિનિધિ) આણંદ તા.6

જ્યાં રોટલો ત્યાં હરિ ઢુકડો મનુષ્ય અને તમામ જીવને સારુ ભોજન મળી રહે એવી ઉદાર-લાગણીશીલ વિચારધારા વાળા સંતપુરુષ જલારામ બાપાની જયંતિની સમગ્ર આણંદ જિલ્લાના જલારામ મંદિરોમાં જલારામબાપાના ભક્તો દ્વારા ઉજવણી કરવામાં આવનાર છે. સંત શિરોમણી જલારામ બાપાની આગામી 8મી નવેમ્બરને શુક્રવારે 225મી જન્મ જયંતી છે.




સમગ્ર જિલ્લામાં જલારામ બાપાના જ્યાં-જ્યાં મંદિર આવેલા છે ત્યાં જલારામ જયંતિ ઉજવણી નિમિત્તે મોટી સંખ્યામાં ભક્તોની ભીડ જામશે. જલારામ બાપા સાથે લાખો લોકોની શ્રદ્ધા જોડાયેલી છે.જે વર્ષોથી યથાવત રહી છે

આણંદ જિલ્લામાં જલારામબાપાના તમામ મંદિરોમાં ખુબ શ્રધ્ધાથી ઉત્સાહભર્યા માહોલમાં ઉજવણી કરવામાં આવનાર છે. જલારામ ભક્તો દ્વારા ઉજવણીના કાર્યક્રમો જેવા કે શોભાયાત્રા પુજા અર્ચના વગેરે આયોજન કરવામાં આવ્યા છે. વર્તમાન વર્ષે જીલ્લાભરમાં જલારામબાપાના તમામ મંદિર અને જલારામ બાપાના ભક્તો દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે, સૌ ભક્તોએ જલારામ બાપાના વિવિધ મંદિરે પહોંચી પૂજ્ય જલારામબાપાના દર્શન કરી ધન્યતા અનુભવશે

જલારામ બાપાની 225મી જન્મજયંતી હોઈ તિર્થધામ ધર્મજ ગામ સહિત જિલ્લાભરમા જલારામ બાપાની જન્મજયંતીએ પદયાત્રા કરીને આવનારા ભક્તોનો વર્ગ મોટો છે, ત્યારે સવારથી જ જલારામબાપાના મંદિરમાં માથુ નમાવવા પહોંચી જશે. જલારામ બાપાની જન્મજયંતી નિમિત્તે દિવસભર ભક્તોનો અવિરત પ્રવાહ રહીશે. વહેલી સવારે જ પૂજ્ય બાપાના મંદિરે દર્શન કરવા દર્શનાર્થીઓની લાંબી કતારો લાગી જશે. હાલમાં છેલ્લા કેટલાક દિવસોથી દરેક સ્થળે જલારામબાપાની ભકિતભાવપૂર્વક જન્મજયંતીની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# નડિયાદના વેપારી સાથે 50 હજારની છેતરપિંડી

**વાસણના વેપારીને** નાણા ટ્રાન્સફર કરાવી ફાયદો કરવાની લાલચ આપી

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

નડિયાદ પશ્ચિમમાં ચૈતન્ય દીપ સોસાયટીમાં રહેતા નારાયણ સુખલાલ ભૈરવનાથ વાસણ ભંડારની દુકાન ચલાવે છે. તેમના મોબાઈલ પર 25મી ઓક્ટોબર,2024ના રોજ હેલજ બર્ગ ડાયમંડ જ્વેલરી નામની લિંક આવી હતી. આ લીંક ખોલતાં મેસેજમાં તેઓના એકાઉન્ટમાંથી પૈસા ટ્રાન્સફર કરાવી ફાયદો કરવાની લાલચ ચાપી હતી. જેથી વાસણના વેપારીએ પોતાના એકાઉન્ટમાંથી રૂ.10,500 ટ્રાન્સફર કર્યા હતા. તેની સામે ગઠીયાએ 14,500 ફાયદા સાથે ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં બીજા દિવસે બંધન બેન્કના એકાઉન્ટમાં રૂ.10,500 ટ્રાન્સફર કરાવી રૂ.25,300 પરત ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં 28મીએ 50 હજાર ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં રૂ.1,28,226 નાખો તો 8 ગણી રકમ પરત ટ્રાન્સફર કરવાની લાલચ આપી હતી. પરંતુ નારાયણભાઈએ રકમ નાંખી નહતી. તેમણે વાતચીત કરતા રૂ.50 હજારની છેતરપિંડી થઈ હોવાનું જણાઇ આવ્યું હતું. આમ પૈસા ટ્રાન્સફર કરાવી ફાયદો કરાવવાની લાલચ આપી ગઠીયાએ રૂ. અડધા લાખની છેતરપિંડી કરી હતી. આ બનાવ સંદર્ભે નારાયણ સુખલાલની ફરિયાદ આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે ગુનો નોંધ્યો હતો.

---

# વાસદ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના રમતના મેદાનનું લોકાર્પણ કરાયું

**વોલીબોલ,** બાસ્કેટ બોલ, ટેનિસ અને પીકલ બોલના કોર્ટ બનાવવામાં આવ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદના વાસદ ખાતે આવેલી એસવીઆઈટીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના રમત - ગમતના મેદાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને આર્ટ ઓફ લીવીંગના રવિશંકરજી મહારાજ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમ સાથે એસવીઆઈટી ખાતે 'સીડ ધ અર્થ' પ્રોગ્રામ અંતર્ગત અઢી લાખ સીડબોલ બનાવવાનો વર્લ્ડ રેકર્ડ બનાવવામાં આવ્યો હતો.




વાસદ સ્થિત એસવીઆઈટીની ડેવલોપમેન્ટ કમિટી અને ફિઝિકલ એજ્યુકેશનના ડાયરેક્ટર ડો. વિકાશ અગ્રવાલની દેખરેખ નીચે એસવીઆઈટી ખાતે નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલના નવનિર્મિત વોલીબોલ, બાસ્કેટબોલ, ટેનિસ અને પીકલ બોલના કોર્ટનું ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસવાઈટીમાં અભ્યાસ કરનારા આંતરરાષ્ટ્રીય ખેલાડી હીરક વોરા અને જીટીયુ ભાઈઓની ટેનીસ ટીમ વિશેષ ઉપસ્થિત રહી હતી.



આ લોકાર્પણ પ્રસંગે રોનક પટેલે જણાવ્યું હતું કે, આ રીતના આંતરરાષ્ટ્રીય સ્તરના ગ્રાઉન્ડની વ્યવસ્થા થકી આવનારા સમયમાં એસવીઆઈટી, ગુજરાત અને રાષ્ટ્રને ખૂબ સારા ખેલાડીઓ આપી શકશે. એસવીઆઈટી ખાતે વિદ્યાર્થીઓને ભણવાની સાથે સાથે રમત ગમત અને અન્ય પ્રવૃત્તિ માટે પણ પૂરતી તકો આપવામાં આવે છે જેના થકી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ થઈ શકે છે. વાસદ ખાતે રાજ્યપાલ દેવવ્રતજીએ પ્રાકૃતિક જીવનશૈલી અપનાવી પ્રકૃતિનો સહયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમના પ્રારંભમાં એસવીઆઈટીના ચેરમેન રોનક પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે એસવીઆઈટીના અધ્યક્ષ રોનકભાઈ પટેલ, ઉપાધ્યક્ષ હાર્દિકભાઈ પટેલ, સેક્રેટરી ગૌરાંગભાઈ પટેલ, જોઈન્ટ સેક્રેટરી નૈતિક પટેલ, ટ્રેઝરર અલ્પેશભાઈ પટેલ, ટ્રસ્ટી અજીતભાઈ ભાઈલાલભાઈ પટેલ, સતિષભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, ગાયત્રીબેન પટેલ, કિશોરભાઈ પટેલ, ભાસ્કરભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ, સંદીપભાઈ પટેલ, જીતેન્દ્રભાઈ પટેલ, મીરાબેન પટેલ વગેરે ટ્રસ્ટીઓ આચાર્ય ડો. ડી. પી. સોની અને કેમ્પસ ડાયરેક્ટર દિનેશભાઈ પટેલ હાજર રહ્યા હતા અને સંસ્થાની પ્રગતિની પ્રસંશા કરી હતી.

## સીડ બોમ્બ થકી પર્યાવરણની જાળવણી થશે

વાસદ ખાતે શ્રીશ્રી રવિશંકરજીએ જણાવ્યું હતું કે, દુનિયામાં




પર્યાવરણની જાળવણી થઇ નથી. તેના કારણે આપણે કલાઈમેટ ચેન્જનો સામનો કરી રહ્યા છીએ. સીડબોમ્બ દ્વારા આપણે ધરતીમાં બીજારોપણ કરી પર્યાવરણની જાળવણી માટેનું કાર્ય કરવાનું છે. બીજમાં અવ્યક્ત રહેલા વૃક્ષને બીજારોપણ દ્વારા વ્યક્ત કરવાનું કાર્ય શ્રેષ્ઠતમ કાર્ય છે. આ ઉપરાંત શ્રી શ્રી કૃષિ સાયન્સ અને ટેક્નોલોજી ટ્રસ્ટના ચેરમેન ડો. પ્રભાકર રાવે જણાવ્યું કે, એસ.વી.આઇ.ટી.ના સહકારથી તૈયાર કરવામાં આવેલા અઢી લાખ સીડબોલનું આગામી ચોમાસાની સીઝનમાં વાવેતર કરવામાં આવશે.